# જામનગરના કાશી વિશ્વનાથ મંદિરમાં ૭૨ કલાકના અખંડ મંત્રોચ્ચાર, મહાઆરતી અને સત્સંગનું કરાયું આયોજન

## ધારાસભ્ય, ડે. મેયર, સ્ટે. ચેરમેન, શહેર પ્રમુખ અને ધર્મપ્રેમીઓની ઉપસ્થિતિમાં મંદિર પરિસર ભક્તિમય બન્યું



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત જામનગર શહેરના ઐતિહાસિક અને પૌરાણિક મહત્વ ધરાવતા કાશી વિશ્વનાથ મંદિરમાં ૭૨ કલાક સુધી અખંડ મંત્રોચ્ચારનું ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તા.૧૦ જાન્યુઆરી સુધી મંદિરમાં સત્સંગ, ભજન, મહાઆરતી અને મંત્રોચ્ચાર સહિતના આયોજનો કરવામાં આવ્યા છે.

આ અનુષ્ઠાન દરમિયાન વિદ્વાન બ્રાહ્મણો દ્વારા સતત વેદિક મંત્રોચ્ચાર કરવામાં આવી રહ્યા છે. જેનાથી સમગ્ર મંદિર પરિસર ભક્તિ, શાંતિ અને આધ્યાત્મિક ઉર્જાથી ઓતપ્રોત બન્યું છે. મંત્રોચ્ચાર સાથે સાથે દરરોજ સાંજે મહાઆરતીનું ભવ્ય આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં ઉપસ્થિત રહી શ્રદ્ધાળુઓ ભાવવિભોર બન્યા છે. નમઃ શિવાય, ૐ નમઃ શિવાયની ધૂનથી સત્સંગ દરમિયાન સમગ્ર વાતાવરણ આધ્યાત્મિક બન્યું હતું.

સત્સંગ કાર્યક્રમના આયોજનમાં ધારાસભ્યશ્રી દિવ્યેશભાઈ અકબરી, ડેપ્યુટી મેયર ક્રિષ્નાબેન સોઢા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન નિલેશભાઈ કગથરા, અગ્રણી બીનાબેન કોઠારી, કોર્પોરેટરઓ સહિતના આગેવાનો અને ભક્તો ઉપસ્થિત રહી સહભાગી થયા હતા.

# જામનગર શહેર-જિલ્લામાં ઠંડીનો પારો ૧૦ ડિગ્રીએ પહોંચતા લોકો ઠુઠવાયા

જામનગર : જામનગર શહેર અને જિલ્લામાં રહી રહીને ઠંડી એ સપાટો બોલાવી દીધો છે, અને ઠંડીનો પારો નીચે સરકી ને સિંગલ ડીજીટ ની નજીક પહોંચી જતાં ૧૦ ડિગ્રી તાપમાન નોંધાયુ છે, અને મોસમનો સૌથી ઠંડો દિવસ રહ્યો છે. સાથોસાથ ભેજનું પ્રમાણ અને પવનની તીવ્રતામાં પણ વધારો થયો હોવાથી શહેરીજનો ઉપરાંત પશુ પક્ષીઓ થર થર કાંપ્યા છે. હજુ પણ ઠંડી વધે તેવી શક્યતાઓ દર્શાવાઈ રહી છે.

હાલમાં મકરસંક્રાંતિનો તહેવાર નજીક આવતો જાય છે, પરંતુ ઠંડીએ હવે રંગ દેખાડવાનું શરૂ કર્યું છે, અને ઠંડીનો પારો નીચે સરકીને સિંગલ ડીઝીટની નજીક ૧૦ ડિગ્રી સુધી પહોંચી જતાં મોસમનો સૌથી ઠંડો દિવસ રહ્યો છે. સાથોસાથ ભેજનું પ્રમાણ અને પવનની તીવ્રતામાં પણ વધારો થઈ જતાં લોકો થરથર કાંપ્યા છે, અને તાપણાંનો સહારો લેવો પડ્યો છે તેમજ લોકો ગરમ વસ્ત્રોમાં લપેટાયેલા જોવા મળ્યા છે.

જામનગર શહેર અને જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે, અને દિવસ દરમિયાન પ્રતિ કલાકના ૨૦ થી ૨૫ કિ.મી ની ઝડપે ઠંડો બરફીલો પવન ફૂંકાઈ રહ્યો છે, જ્યારે વહેલી સવારે ઝાકળનું પ્રમાણ પણ વધુ જોવા મળી રહ્યું હોવાથી ધુમ્મસ ભરી સવાર જોવા મળી રહી છે.

જામનગર જિલ્લા કલેકટર કચેરીના કંટ્રોલરૂમ ના જણાવાયા અનુંસાર આજે સવારે ૮ વાગ્યે પૂરા થતાં ૨૪ કલાક દરમિયાન લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી સેન્ટિગ્રેડ જ્યારે મહત્તમ તાપમાન ૨૩.૫ ડિગ્રી સેન્ટિગ્રેડ નોંધાયું છે, વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૩ ટકા જ્યારે પવનની ગતિ સરેરાશ પ્રતિક કલાકના ૨૦ થી ૨૫ કી.મી ની ઝડપે રહી હતી.

# દ્વારકા નજીક દરિયામાં ન્હાવા પડેલ ત્રણ મિત્રો તણાયા, એક લાપતા, બે હેમખેમ

## રાજસ્થાનથી ચારેય મિત્રો ફરવા આવ્યા હતા, લાપતા યુવાન ખાનગી એરલાઈન્સ કંપનીનો કર્મી છે



દ્વારકા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના મકનપુર પાસે દરીયાની સહેલગાહે આવેલા ચાર પરપ્રાંતિય મિત્રો પૈકી ન્હાવા પડેલો એક મિત્ર ડુબવા લાગતા અન્ય બે મિત્ર પણ બચાવવા ઝંપલાવ્યુ હતુ. જોકે, દરીયામાં ધુસેલા બંને મિત્રનો આબાદ બચાવ થયો છે.જયારે ડુબ્યા બાદ લાપતા બનેલા યુવાનનુ રેસ્કયુ અભિયાન રાત્રી સુધી યથાવત રહયુ હતુ.જોકે તેની કોઇ ભાળ મળી ન હોવાનુ સામે આવ્યુ છે. પોલીસે ઘટનાસ્થળ પર દોડી જઇ સંબંધિતોના નિવેદન નોંધવા સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રોમાંથી જાણવા મળતી વિગત અનુસાર દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા સહિતના ધાર્મિક અને પયર્ટન સ્થળો પર લગભગ દરરોજ મોટી સંખ્યામાં યાત્રાળુઓ-સહેલાણીઓ ઉમટતા હોય છે. જે દરમિયાન દ્વારકા ખાતે રાજસ્થાનના જયપુરના ચાર મિત્રો દર્શનાદિ બાદ આજુબાજુના હરવા ફરવાના સ્થળોએ સહેલગાહે નિકળ્યા હતા. અને દ્વારકા નજીક મકનપુર પાસેના દરીયાકાંઠે ગઈકાલ સાંજે ચાર પૈકીનો એક મિત્ર દરીયાના પાણીમાં પડયો હતો. જે ડૂબવા લાગતા તુરંત જ અન્ય બે મિત્રોએ પણ પાણીમાં ઝંપલાવ્યુ હતુ. જોકે, થોડી ક્ષણોમાં જ ડુબેલો યુવાન ઉંડા પાણીમાં ગરકાવ થતા બંને મિત્રો હેમખેમ બહાર નિકળવામાં સફળ રહયા હતા.

આ બનાવના પગલે ઘટનાસ્થળ પર ભારે દેકારા સાથે દોડધામ મચી જવા પામી હતી. દ્વારકા નગરપાલિકાની ફાયર શાખાને જાણ કરાતા તુરંત ટીમ ઘટનાસ્થળ પર દોડી ગઇ હતી. જે બાદ ફાયરની ટુકડી દ્વારા પાણીમાં ગરક યુવાનની સઘન શોધખોળ હાથ ધરાઇ હતી.જોકે, લગભગ ત્રણેક કલાકની શોધખોળ બાદ રાત્રી સુધી તેનો પત્તો સાંપડયો ન હોવાનુ સામે આવ્યુ હતુ. બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ પણ ઘટનાસ્થળ પર પહોચી હતી.પોલીસે લાપતા યુવાનના મિત્રોના નિવેદન માટે તજવિજ હાથ ધરી છે.

પાણીમાં ગરક થઇ લાપતા બનેલો યુવાન રાહુલ કટારીયા (રે. જયપુર,રાજસ્થાન) હોવાનુ જાહેર થયુ છે. બનાવની જાણ થતા દરીયાકાંઠે મોટી સંખ્યામાં સ્થાનિક લોકો પણ ઉમટી પડયા હતા. સુત્રોમાંથી જાણવા મળ્યા મુજબ લાપતા યુવાન સહિત ચાર મિત્રો કે જે ખાનગી એરલાયન્સમાં કામ કરે છે તેઓ દ્વારકા ખાતે ફરવા માટે આવ્યા હતા.

# મોટી ખાવડી વિસ્તારમાં ગાંજાનો જથ્થો વેંચવા આવેલ બિહારના શખ્સની ધરપકડ

## રૂ. ૧.૯૦ લાખની કિંમતો ૩૮૦૦ ગ્રામ ગાંજાનો જથ્થો કબ્જે, મંગાવનાર બેની શોધખોળ



જામનગર : જામનગર જિલ્લામાં નશીલા પદાર્થના વેપાર ઉપર રોક લગાવવા માટે જામનગર જીલ્લાના પોલીસ અધિક્ષક ડો.રવિ મોહન સૈનીએ યુવાધન નશાના કારોબારના કારણે બરબાદ થતુ હોય, શહેરમા પ્રવેશતા નશાકારક પદાર્થ તથા જીલ્લામાં ચાલતી અસામાજીક પ્રવૃત્તિ કરતા ઈસમો વિરૂધ્ધ અસરકારક કામગીરી કરવા સૂચના અપાઈ હતી.

જેના અનુસંધાને નશાકારક પદાર્થ પકડી પાડવા માટે એસ.ઓ.જી.ના સ્ટાફ દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. દરમ્યાન સ્ટાફને બાતમી મળી હતી કે, બિહાર રાજ્યના ચંપારણનો વતની મંજય ભાગરીત મહતો કે જેણે શરીરે સફેદ જેવા કલરનુ જાકેટ તથા કાળા જેવા કલરનું પેન્ટ પહેરેલ છે, અને ગઈકાલે મોટી ખાવડી ગામે વિનાયક પેટ્રોલ પમ્પની સામે મચ્છી માર્કેટ પાસે ગાંજો આપવા માટે આવનાર છે જેથી પોલીસ વોચમા હતી.

દરમ્યાન ઉપરોક્ત વ્યક્તિ ત્યાં મળી આવ્યો હતો. જેની પાસેથી બ્લુ કલરનો એક થેલો મળ્યો હતો. જેની તપાસ કરતાં અંદરથી ગે.કા. માદક પદાર્થ ગાંજો ૩ કિલો ૮૦૦ ગ્રામ જેની કીમત. ૧,૯૦,૦૦૦ તથા એક મોબાઈલ ફોન, વજન કાટો વિગેરે મળી કુલ કી.રૂા.૧,૯૧,૨૫૦ ના મુદામાલ સાથે પકડી પાડ્યો છે, અને તેના વિરૂધ્ધ મેઘપર (પડાણા) પોલિસ મથકમાં ગુનો દાખલ કરાવી આગળની તપાસ શરૂ કરવામાં આવી છે. જેની પૂછપરછમાં પોતે ટ્રેન મારફતે બિહારથી વહેલી સવારે જામનગરના રેલવે સ્ટેશન સુધી આવ્યો હોવાનું અને વગર ટિકિટે જનરલ ડબામાં રેલવેમાં મુસાફરી કરી હોવાનું જાણવા મળ્યું છે. ત્યારબાદ એક ઈકો કારમાં જનરલ પેસેન્જર તરીકે બેસીને મોટી ખાવડી તરફ આવ્યો હતો, અને મોટી ખાવડી વિસ્તારમાં રહેતા બે શખ્સો મૂળ બિહારના વતની મોહમ્મદ ફૈઝલ અને નવીન ચૌહાણ કે જેને સપ્લાય કરવા માટે આવ્યો હોવાથી તે બંનેને ફરારી જાહેર કર્યા હતા, અને પોલીસ તે બંનેને શોધી રહી હતી.

જે દરમિયાન મોડી સાંજે નવીન ચૌહાણ નામનો મૂળ બિહારનો વતની એક શખ્સ પોલીસના શકંજામાં આવી ગયો હતો, જેની હાલ પૂછપરછ ચલાવવામાં આવી રહી છે, જ્યારે તેમની સાથેનો મોહમ્મદ ફૈઝલ ફરાર હોવાથી પોલીસ તેને શોધી રહી છે.

# જામનગરમાં નિયમોનું ઉલ્લંઘન કરનારા ૪૬ સીએસસી સેન્ટરોના આઈડી બ્લોક કરાયાં

## રેટ ચાર્જ લિસ્ટ, બ્રાન્ડિંગ અને પોલીસ વેરિફિકેશન વિના ચાલતા કેન્દ્રો સામે તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરાઈ


જામનગર : જામનગર જિલ્લામાં મિનિસ્ટ્રી ઓફ ઈન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજીના માધ્યમથી ચાલતા કોમન સર્વિસ સેન્ટર (CSC) ખાતે નિયમોના પાલન મુદ્દે તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. નક્કી કરેલા નિયમોનો ભંગ કરનારા ૪૬ જેટલા સેન્ટરોના લોગીન આઈડી તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવ્યા છે.


જિલ્લાના સીએસસી મેનેજર નિકુંજ ઠેસીયાએ આ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, જિલ્લામાં હાલમાં ૧૩૦૦ થી વધુ સીએસસી સેન્ટરો કાર્યરત છે, જે નાગરિકોને વિવિધ સરકારી અને અર્ધ-સરકારી સેવાઓ ઓનલાઈન પૂરી પાડે છે. જો કે, છેલ્લા કેટલાક સમયથી મળેલી ફરિયાદો અને આંતરિક તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે ઘણા સેન્ટરો પર નિયમોનું યોગ્ય પાલન થતું ન હતું. ખાસ કરીને સેન્ટરની બહાર સીએસસીનું બ્રાન્ડિંગ ન લગાવવું, સરકાર નિર્ધારિત રેટ લિસ્ટ પ્રદર્શિત ન કરવું અને અનિવાર્ય એવું પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટ (PCC) ન હોવું જેવી ગંભીર ક્ષતિઓ જોવા મળી હતી.

આ બાબત ધ્યાને આવતા પ્રાથમિક તબક્કે જિલ્લાના ૪૬ સેન્ટરોના આઈડી બ્લોક કરીને તેમની કામગીરી અટકાવી દેવામાં આવી છે. જે સેન્ટરો પાસે સ્થાયી ઓફિસ નથી અથવા જેઓ રેટ ચાર્ટ પ્રદર્શિત કરતા નથી તેમની સામે આ ઝુંબેશ સતત ચાલુ રાખવામાં આવશે. સીએસસી સંચાલકો માટે હવે કડક માર્ગદર્શિકા અમલી બનાવવામાં આવી છે, જે મુજબ દરેક સંચાલકે પોતાના સેન્ટર પર ફરજિયાત બોર્ડ લગાવવું પડશે અને ગ્રાહકો જોઈ શકે તે રીતે સર્વિસ ચાર્જનું લિસ્ટ મૂકવું પડશે. વધુમાં, દરેક સંચાલક માટે પીસીસી હોવું હવે અનિવાર્ય છે. જિલ્લા મેનેજરે સ્પષ્ટ ચેતવણી આપી છે કે ડિજિટલ સેવાઓના નામે નાગરિકો સાથે કોઈ પણ પ્રકારની છેતરપિંડી કે અનિયમિતતા સાંખી લેવામાં આવશે નહીં અને નિયમ ભંગ કરનાર સંચાલકો સામે જરૂર પડ્યે કાયદેસરની કાર્યવાહી પણ કરવામાં આવશે.

# જામનગરના મહારાજાની અખંડ રાષ્ટ્રભાવનાનું શિલ્પિત સ્મરણ એટલે સોમનાથનો દિગ્વિજય દ્વાર

## સોમનાથ નવનિર્માણમાં જામનગરના જામ સાહેબ દિગ્વિજયસિંહજી અને ’દિગ્વિજય દ્વાર’નું અનેરું ઐતિહાસિક મહત્વ : દિગ્વિજયસિંહજી સોમનાથ ટ્રસ્ટના પ્રથમ પ્રમુખ બન્યા અને આજીવન આ પદ પર રહીને તેઓએ સેવા આપી





જામનગર : આજે જ્યારે સમગ્ર દેશ સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણી કરી રહ્યો છે, ત્યારે સોમનાથ મંદિરના પુનઃનિર્માણમાં જામનગરના મહારાજા જામ સાહેબ દિગ્વિજયસિંહજી રણજીતસિંહજી જાડેજાના અભૂતપૂર્વ પ્રદાનને યાદ કરવું એ દરેક ભારતવાસી માટે ગૌરવની વાત છે.ભારતની અખંડ ચેતનાના પ્રતીક સમાન સોમનાથના જીર્ણોદ્ધારમાં તેમનો ફાળો પાયાના પથ્થર સમાન રહ્યો છે.

ભારત આઝાદ થયા બાદ જ્યારે સોમનાથ મંદિરના પુનઃનિર્માણનો સંકલ્પ લેવાયો, ત્યારે સૌરાષ્ટ્રના રાજપ્રમુખ તરીકે મહારાજા દિગ્વિજયસિંહજીએ માત્ર શાસકની જ નહીં, પણ એક જાગૃત સંસ્કૃતિ રક્ષકની ભૂમિકા ભજવી હતી. સરદાર વલ્લભભાઈ પટેલના દ્રષ્ટિકોણને સાકાર કરવા માટે તેમણે વહીવટી દ્રઢતા અને નૈતિક સમર્થન પૂરું પાડ્યું હતું. જમીન સંપાદનથી લઈને સુરક્ષા વ્યવસ્થા સુધીની તમામ જટિલ બાબતોમાં તેમણે રાષ્ટ્રીય ગૌરવને અગ્રિમતા આપી હતી.

સોમનાથ મંદિરના નવનિર્માણ માટે જ્યારે ’સોમનાથ ટ્રસ્ટ’ની રચના કરવામાં આવી, ત્યારે રૂપિયા એક લાખનું સૌથી પહેલું દાન આપીને જામ સાહેબે ઉદારતાનો દાખલો બેસાડ્યો હતો. શિલાન્યાસઃ ૮ મે, ૧૯૫૦ના રોજ જામ સાહેબના હસ્તે જ નૂતન મંદિરનો વિધિવત શિલાન્યાસ થયો હતો. ટ્રસ્ટનું સંચાલનઃ તેઓ ટ્રસ્ટના પ્રથમ પ્રમુખ બન્યા અને આજીવન આ પદ પર રહીને સેવા આપી. તેમની સાથે સામળદાસ ગાંધી, એન.વી. ગાડગીલ અને કનૈયાલાલ મુન્શી જેવા દિગ્ગજોએ ટ્રસ્ટી તરીકે સેવાઓ આપી હતી.

સોમનાથ મંદિર પરિસરમાં ભવ્યતાથી ઊભેલું “દિગ્વિજય દ્વાર” એ માત્ર પ્રવેશદ્વાર નથી, પરંતુ મહારાજાની અખંડ રાષ્ટ્રભાવનાનું શિલ્પિત સ્મરણ છે. આ દ્વાર યાત્રાળુઓને ભારતના આત્મવિશ્વાસ અને સાંસ્કૃતિક પુનરુત્થાનના ગૌરવમય અધ્યાયની યાદ અપાવે છે. તે ગુલામીના અંધકાર પછી પ્રગટેલા આત્મસન્માનના દીપક સમાન છે.

કાળના પ્રવાહમાં શાસકો બદલાય છે, પરંતુ સંસ્કૃતિ કાજે સમર્પિત વ્યક્તિત્વો અમર થઈ જાય છે. મહારાજા દિગ્વિજયસિંહજીના કાર્યો આજે ’દિગ્વિજય દ્વાર’ સ્વરૂપે અડીખમ ઊભા રહીને આવનારી પેઢીઓને રાષ્ટ્રભક્તિ અને સેવાના પથ પર ચાલવાની પ્રેરણા આપી રહ્યા છે. સોમનાથ અને જામ સાહેબનું આ અતૂટ અનુસંધાન ભારતીય ઈતિહાસના સુવર્ણ અક્ષરે અંકિત રહેશે.

# અલિયા ગામનો સજાનો નાસતો ફરતો આરોપી ઝડપાયો



જામનગર : જામનગર તાલુકાના અલિયા ગામમાં રહેતા સવાભાઈ વિજાભાઈ પડસારીયા નામના ભરવાડ શખ્સને જામનગરની અદાલતે ચેક રીટર્ન અંગેના કેસમાં તકસીરવાન ઠરાવ્યો હતો, અને એક વર્ષની કેદની સજા ફટકારી હતી. પરંતુ આરોપી નાસતો ફરતો રહ્યો હોવાથી પંચકોશી એ. ડિવિઝનનો પોલિસ સ્ટાફ તેને શોધી રહ્યો હતો.

દરમિયાન ઉપરોક્ત આરોપી સવાભાઈ ભરવાડ ગઈકાલે સાંજે ધુવાવ ગામની સીમ વિસ્તારમાં આવ્યો છે, તેવી ચોક્કસ બાતમીના આધારે પોલીસે ઝડપી લીધો હતો, અને તેને અદાલત સમક્ષ રજૂ કરતાં જેલ હવાલે કરી દેવાયો છે.